| GJPM010026282023 | | | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ | ૨૧ | ૦૮ | ૨૦૨૩ |
| | નોધણી તારીખ | ૨૧ | ૦૮ | ૨૦૨૩ |
| | ફેસલ તારીખ | ૦૮ | ૦૧ | ૨૦૨૪ |
| | | **દિવસ** | **માસ** | **વર્ષ** |
| | સમય ગાળો | | | |

**આંક–**

**FORM-A**

## <u>પંચમહાલ જીલ્લાનાં મહેરબાન ચોથાં એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ.ગોધરા. જી.પંચમહાલ.</u>

## (શ્રી.પી.એ.માલવીયા,એડીશનલ સેશન્સ જજ)

## ચુકાદાની તા.૦૮/૦૧/૨૦૨૪

## સેશન્સ કેસ નંબર–૧૫૭/૨૦૨૩

(મોરવા(હ) પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–૬૯/૨૦૧૩)

| | |
|---|---|
| ફરીયાદી. | **સરકારશ્રી** (પ્રેમીલાબેન બાબુભાઈ વણઝારા) |
| REPRESENTED BY | વિ.એ.પી.પી.શ્રી.આર.ડી.શુકલા. |
| આરોપી | **પારુ ઉર્ફે પારસિંગ દલાભાઈ પલાસ,**<br>ઉ.વ.૪૫ વર્ષ, ધંધો–ખેતી,<br>રહે. ખજુરીયા,તા.ગરબાડા,જી.દાહોદ. |
| REPRESENTED BY | વિ.વ.શ્રી. એસ.એફ.છીપા, વ.શ્રી.એસ.વાય.મકત. |

**FORM-B**

| | |
|---|---|
| ગુનાની તારીખ. | ૧૮/૦૮/૨૦૧૩ |
| FIR ની તારીખ | ૧૮/૦૮/૨૦૧૩ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ. | ૨૧/૦૮/૨૦૨૩ |
| ચાર્જ ફ્રેમની તારીખ. | ૧૫/૦૯/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ. | ૧૦/૧૦/૨૦૨૩ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | - |
| ચુકાદાની તારીખ. | ૦૮/૦૧/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | |

**<u>આરોપીની માહીતી.</u>**

| આરોપી ની રેન્ક. | આરોપીનુ નામ. | ધરપકડની તારીખ. | જામીન પર છુટવાની તારીખ. | ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી. | કલમ 428, Cr.PC ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પારુ ઉર્ફે પારસિંગ દલાભાઈ પલાસ | ૨૨/૦૬ /૨૩ | યુ.ટી.પી. | ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૩૯૭ મુજબ. | નિર્દોષ | – | – |

## –: ચુકાદો :–

**૧.** આ કામના આરોપી સામે ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૩૯૭ મુજબના ગુન્હાનો પોલીસ રીપોર્ટ, તપાસ કરનાર અધિકારી ધ્વારા મોરવા(હ) પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર – ૬૯/૨૦૧૩ ના સંદર્ભે, સંબંધીત વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, મોરવા(હ) સમક્ષ રજુ કરતા સદરહુ કેસ ક્રિ.કે.નં. ૯૯૨/૨૦૨૩ થી નોધાયેલ અને ત્યારબાદ સંબંધીત અદાલત ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ ની જોગવાઈ મુજબ સદરહુ કેસ મહે.સેશન્સ જજ,ગોધરા,પંચમહાલ નાઓ તરફ કમીટ કરેલ. જેને સે.કે.નં.૧૫૭/૨૦૨૩ થી નોંધવામાં આવેલ. ત્યાર બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૪ મુજબ અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ છે. આમ, હાલના કામના આરોપી સામે ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૩૯૭

મુજબના શીક્ષા પાત્ર ગુન્હામાં હાલમાં જયુડીશીયલ કસ્ટડીમાં હોય સદરહુ ગુન્હા અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૨.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, તા.૧૮/૮/૨૦૧૩ ના કલાક ૧.૩૦ થી ૩.૦૦ વાગ્યે મોજે ખાબડા ગામે ફરીયાદી પ્રેમીલાબેન ભાવસિંગભાઈ વણઝારા તથા સાહેદ ઝુમાબેન ભાવસિંગભાઈ વણઝારા, સાહેદ રાજેશભાઈ બાબુભાઈ વણઝારા તેમના ઘરે સુઈ રહેલ હતા. તે વખતે આરોપી તથા બીજા સહઆરોપીઓ હાથમા બેટરીઓ, દંડા, લાકડીઓ, કોશ તથા પથ્થરો લઈ આવી ફરીયાદીના ઘરનો દરવાજો જાળીમા હાથ નાખી દરવાજાનું હેન્ડલ ખોલી દસથી પંદર જેટલા ચોર લુંટારુઓ ઘરમા ઘુસી પ્રાણઘાતક હથીયારનો ઉપયોગ કરી મૃત્યુ નિપજાવવાની કે તેને મહાવ્યથા કરવાની કોશીષ કરી ફરીયાદી બુમો પાડવા જતાં તું બોલતી નહી તેમ કહી ડાબા હાથે તથા જમણી આંખ ઉપર તથા શરીરે ગેબી માર મારી તથા સાહેદ ઝુમાબેનને લાકડી મારી લોહી કાઢી તથા સાહેદ રાજેશ ભાઈને ગળાના પાછળના ભાગે ઈજા કરી ઘરમા અંદરના ખંડમા જઈ તિજોરીઓ તથા કબાટ તોડી અંદર મુકી રાખેલ સોના ચાંદીના દાગીના કિમત રૂા.૩૧,૦૦૦/–તથા મોબાઈલ ફોન નંગ–૧ કીમત રૂા.૧,૦૦૦/– મળી કુલ કીમત રૂા.૩૨,૦૦૦/– ની મત્તાની લુંટ કરી ઈ.પી.કો.ની કલમ–૩૯૫,૩૯૭ મુજબનો ગુનો કરેલ છે.

**પોલીસ કાર્યવાહી :–**

**૩.** આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની જરૂરી અને યોગ્ય તપાસ કરી ઈ.પી.કો.ની કલમ–૩૯૫,૩૯૭ મુજબનાં ગુના અંગેનો પૂરાવો મળી આવતા, આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુના અંગેનાં વિ.જયુડી. મેજી.ફ.ક. શ્રી, મોરવા(હ) સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ, જેને ફોજદારી કેસ નં.૯૯૨/૨૦૨૩ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

**કોર્ટ કાર્યવાહી :–**

**૪.** આરોપી વિરુધ્ધના ઉપરોકત ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવા પાત્ર હોઈ, મોરવા(હ)ના વિ. જયુડી.મેજી.ફ.ક.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપીને વિના મૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ તા.૧૮/૮/૨૦૨૩ ના હુકમથી ગોધરા સેશન્સ કોર્ટમાં કમિટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નં.૧૫૭/૨૦૨૩ થી તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ સદરહું કેસ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની કોર્ટને સુપ્રત કરવામાં આવેલ છે.

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૬ મુજબ હાલનો કેસ ઓપન કરવામાં આવેલ. વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની રજુઆતોને ધ્યાને લઈ આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૩૯૭ મુજબના ગુના સબબ તહોમતનામુ ફરમાવવા માટે પુરતા કારણો જણાતા હોય ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૮(૧)(બી) અન્વયે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે તા.૧૫/૯/૨૦૨૩ ના રોજ આંક–૫ થી તહોમતનામુ ફરમાવી આરોપીને વાંચી સંભળાવી, આંક–૬ થી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૮(૨) મુજબ તેઓનુ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ તેમને ગુન્હો કબુલ ન હોવાનું જણાવી પોતાની સામે ટ્રાયલ ચલાવવા માંગણી કરેલી. જેથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે તેમના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા :–**

**૫.** ફરિયાદપક્ષ તરફે આરોપી સામેનો આરોપ નિ:શંકપણે પુરવાર કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ ની જોગવાઈ મુજબ નીચે દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

FORM-C

**<u>પ્રોસિકયુશન/ડિફેન્સ/કોર્ટના સાક્ષીઓની યાદી.</u>**

**A. પ્રોસિકયુશન :**

| રેન્ક | આંક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| PW-1 | 07 | પ્રેમીલાબેન બાબુભાઈ વણઝારા. | ફરીયાદી. |
| PW-2 | 09 | ભુપતભાઈ વજેસિંહ વણઝારા. | પંચ સાક્ષી. |
| PW-3 | 12 | મુકેશભાઈ દાસુભાઈ વણઝારા. | પંચ સાક્ષી. |
| PW-4 | 13 | રાજેશભાઈ બાબુભાઈ વણઝારા. | નજરે જોનાર સાક્ષી. |
| PW-5 | 16 | મહોબતસિંહ કાળુભાઈ માલવીયા. | પોલીસ સાક્ષી.(ત.ક.અ.) |

**પ્રોસિકયુશન/બચાવપક્ષ/કોર્ટના આંકની સૂચિ.**

**A. પ્રોસિકયુશન :**

| અનુ.નંબર | આંક | વિગત. |
|---|---|---|
| 1. | 08 | ફરીયાદ. |
| 2. | 10 | ગુનાવાળી જગ્યાનું પંચનામુ. |
| 3. | 11 | મુદ્દામાલ મોબાઈલ જે જગ્યાએ પડેલ તે જગ્યાનું પંચનામુ. |
| 4. | 17 | એફ.એસ.એલ.નો પ્રાથમીક અહેવાલ. |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| DW-1 | -- | -- |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| CW-1 | -- | -- |

**B. બચાવપક્ષ :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1 | આંક___D-1 -- | -- |

**C. કોર્ટથી આંક :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1. આંક___C-1/CW 1 | -- | -- |

**D. મટેરીયલ ઓબ્જેકટસ.**

| અનુ.નંબર | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વિગત |
|---|---|---|
| 1. MO 1 | -- | -- |

૬. ફરિયાદપક્ષનો પુરાવો નોંધી લીધા બાદ અને તેઓનો પુરાવો આંક-૧૮ થી રજુ થયેલ પુરાવાબંધની પુરસીસ આધારે પુરાવો બંધ કરી, સદરહું કેસમાં આરોપીનુ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૩૧૩ મુજબ વધારાનુ નિવેદન નોધવા માટે રાખવામાં આવેલ. જેમા આરોપી સામે પડેલ પુરાવો તેની સમક્ષ મુકવામાં આવેલ જે સંદર્ભે આરોપીએ તે પુરાવાની હકીકત ખોટી હોવાનુ કથન કરેલ છે તેમજ પોતે કોઈ સાક્ષીને તપાસવા માંગતા નથી કે પોતાનો મૌખીક પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવીને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છીએ. તેમની વિરૂધ્ધ ખોટી ફરીયાદ અને ખોટુ ચાર્જશીટ કરેલ છે. આમ, આરોપી તરફે તેઓના બચાવમાં કોઈ સાક્ષીઓ તપાસવા નથી એમ જાહેર કરતાં,

તેઓનો પુરાવો બંધ કરવામાં આવેલ અને સદરહું કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફેની દલીલ :–**

**૭.** ત્યારબાદ આ કામમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૪ મુજબ દલીલો સાંભળવામાં આવેલ. ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.આર.ડી.શુકલા નાઓએ તેઓની દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરી રહયા છે કે, ફરીયાદપક્ષ ધ્વારા આ કામે કુલ–૫ સાક્ષીઓને તપાસવામાં આવેલા છે તથા તે આધારે ૪ દસ્તાવેજો રજુ કરવામા આવેલા છે. ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ તહોમતનામા અનુસંધાને ફરીયાદી, સાહેદો અને પંચ સાહેદોના મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા ધ્વારા તે મુજબનુ કૃત્ય બન્યાનું આરોપી સામે નિ:શંકપણે પુરવાર કરેલ હોય તેથી આરોપીને તકસીરવાન ઠરાવવાની રજુઆત કરી રહયા છે.

**બચાવપક્ષ તરફેની દલીલ :–**

૮. આ કામે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી.એસ.એફ.છીપા નાઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપી સામેનુ ચાર્જશીટ સહઆરોપીના નિવેદનના આધારે તેઓને આ ગુનામાં સંડોવી રજુ કરવામાં આવેલો છે. આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચો અને મુદ્દામાલ મોબાઈલ જે જગ્યાએથી મળેલ છે તે જગ્યાના પંચનામાના પંચો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા નથી તેમજ આ ગુનાના કામે અગાઉ કેસ ચાલી ગયેલ છે અને તેમા ફરીયાદી, ઈજાપામનાર વિકટીમ વીગેરે નાઓની સોગંદપર જુબાની થયેલી છે અને તે જુબાની તથા તે પુરાવો ધ્યાને લેવામા આવે તો પણ લુંટમાં આ કામના આરોપીનો કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ ઓળખ સાક્ષી પુરાવા ધ્વારા ફલીત થતી નથી. કોઈ આરોપીના સ્ટેટમેન્ટના આધાર સિવાય આરોપીને સદરહુ ગુનાના સંદર્ભે બાબતે લેક્ષ માત્ર પુરાવો ફરીયાદપક્ષ પુરાવાના કામે રજુ કરી શકેલ નથી. ત્યારે તેવા સંજોગોમાં માત્ર ત.ક.અ.એ આરોપીને અટક કર્યો હોય અને તે આધારે ચાર્જશીટ થયુ હોય તે માત્રથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી અને તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની રજુઆત કરી રહયા છે.

૯. આમ, ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો તથા આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો તથા રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તથા વંચાણે લેતા સદરહુ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા :-**

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૮/૮/૨૦૧૩ ના કલાક ૧.૩૦ થી ૩.૦૦ વાગ્યે મોજે ખાબડા ગામે ફરીયાદી પ્રેમીલાબેન ભાવસિંગભાઈ વણઝારા તથા સાહેદ ઝુમાબેન ભાવસિંગભાઈ વણઝારા, સાહેદ રાજેશભાઈ બાબુભાઈ વણઝારા તેમના ઘરે સુઈ રહેલ હતા, તે વખતે આરોપી તથા બીજા સહઆરોપીઓ હાથમા બેટરીઓ, દંડા, લાકડીઓ, કોશ તથા પથ્થરો લઈ આવી ફરીયાદીના ઘરનો દરવાજો જાળીમા હાથ નાખી દરવાજાનું હેન્ડલ ખોલી દસથી પંદર જેટલા ચોર લુંટારુઓ ઘરમા ઘુસી પ્રાણઘાતક હથીયારનો ઉપયોગ કરી મૃત્યુ નિપજાવવાની કે તેને મહાવ્યથા કરવાની કોશીષ કરી ફરીયાદી બુમો પાડવા જતાં તું બોલતી નહી તેમ કહી ડાબા હાથે તથા જમણી આંખ ઉપર તથા શરીરે ગેબી માર મારી તથા સાહેદ ઝુમાબેનને લાકડી મારી લોહી કાઢી તથા સાહેદ રાજેશ ભાઈને ગળાના પાછળના ભાગે ઈજા કરી ઘરમા અંદરના ખંડમા જઈ તિજોરીઓ તથા કબાટ તોડી અંદર મુકી રાખેલ સોના ચાંદીના દાગીના કિમત રૂા.૩૧,૦૦૦/-તથા મોબાઈલ ફોન નંગ-૧ કીમત રૂા.૧,૦૦૦/- મળી કુલ કીમત રૂા.૩૨,૦૦૦/- ની મત્તાની લુંટ કરી ભારતીય દંડ સંહીતાની કલમ-૩૯૫, ૩૯૭ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલો છે ?

**૨.** શું હુકમ.

**૧૦.** ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**નિર્ણય અંગેના કારણો :**

**૧૧.** આ કામના આરોપી સામે હાલનો સેશન્સ કેસ હોઈ જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રનાં

સિધ્ધાંતો મુજબ તેમજ તે સંદર્ભે લાગુ પડતા સાબીતીના ધોરણો અન્વયે ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે જ શરુ થાય છે તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપી ઉપર કયારેય તબદીલ થતો નથી સિવાય કે લાગુ પડતા કોઈ કાયદામાં તે સંદર્ભે કોઈ ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી હોય. ફોજદારી કેસની ટ્રાયલ દરમ્યાન આરોપીએ સંપૂર્ણ રીતે ચુપ રહેવાનો અધિકાર છે અને આરોપીના મૌનને કારણે કોઈ વિરુધ્ધનુ અનુમાન કરી શકાય નહી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના '' **કાલીરામ વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ''(૧૯૭૩)(૨)એસસીસી પાન નં. ૮૦૮** ના ચુકાદામાં જે પાયાનાં મુળભુત સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરુરી છે. તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયાં સુધી તે અનુમાનનુ ફરીયાદપક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિં. વધુમાં કોઈ ખાસ પ્રકારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરે ત્યાર બાદ આરોપી વિરુધ્ધનુ અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનુ ધોરણ પ્રબળતાની સંભવિતતાના સિધ્ધાંતો મુજબનુ હોય છે.

**મુદ્દા નં. ૧ ની ચર્ચા :–**

**૧૨.** હવે ઉપરોકત વિગત પડેલ પુરાવા આધારે મુદ્દા નં.૧ ની હકીકતો અંગે ચર્ચા કરવાની થાય છે. ફરીયાદપક્ષનો કેસ જોતા તેઓએ નીચે મુજબની હકીકત પુરવાર કરવાની થાય છે.

- તા.૧૮/૮/૨૦૧૩ ના કલાક ૧.૩૦ થી ૩.૦૦ વાગ્યે મોજે ખાબડા ગામે ફરીયાદી તથા અન્ય સાહેદો તેમના ઘરમા સુઈ રહેલા હતા તે વખતે આરોપી તથા સહઆરોપીઓ હાથમા બેટરીઓ, દંડા, લાકડીઓ, કોશ તથા પથ્થરો લઈ આવી ફરીયાદીના ઘરનો દરવાજાની જાળીમા હાથ નાખી દરવાજાનુ હેન્ડલ ખોલી દસથી પંદર જેટલા ચોર લુંટારુઓ ઘરમા ઘુસી ગયેલા.
- આરોપી પ્રાણઘાતક હથીયારનો ઉપયોગ કરી મૃત્યુ નિપજાવવાની કે તેને મહાવ્યથા કરવાની કોશીષ કરેલી.
- ફરીયાદી બુમો પાડવા જતાં તુ બોલતી નહી તેમ કહી ડાબા હાથે તથા જમણી આંખ ઉપર તથા શરીરે ગેબી માર મારેલ.
- તેમજ સાહેદ ઝુમાબેનને લાકડી મારી લોહી કાઢી તથા સાહેદ રાજેશભાઈને ગળાના પાછળના ભાગે ઈજા કરેલ.
- આરોપી ઘરમા અંદરના ખંડમા જઈ તિજોરીઓ તથા કબાટ તોડી અંદર મુકી રાખેલ સોના ચાંદીના દાગીના કિમત રૂા.૩૧,૦૦૦/– તથા મોબાઈલ ફોન નંગ–૧ કીમત રૂા.૧,૦૦૦/– મળી કુલ કીમત રૂા.૩૨,૦૦૦/– ની મત્તાની લુંટ કરેલ.

**૧૩.** હવે પડેલ પુરાવા સંદર્ભે ઉપરોકત હકીકતો ક્રમશ: પુરવાર થાય છે કે કેમ ? તે અંગે ચર્ચા કરવામા આવે તો આ કામમાં આ પૈકી ઉપરોકત હકીકત પુરવાર કરવામાં જે મહત્વના સાહેદો છે તે પૈકી **ફરિયાદી પ્રેમીલાબેન બાબુભાઈ વણઝારાને સાહેદ નં.૧ તરીકે આંક–૭ થી** સોગંદપર તપાસેલા છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે,આશરે ૧૦ વર્ષ પહેલા બનાવની રાત્રીએ તેઓ તથા તેમની સાસુ જુમાબેન, છોકરો રાજુભાઈ તેમજ વસ્તાભાઈ

જમી પરવારીને સુઈ ગયેલા અને રાત્રે એક દોઢ વાગે તેમના ઘર ઉપર પથ્થર મારો થતા તેઓ જાગી ગયેલા તેવુ કથન કરેલ છે. તેવામાં દરવાજા પાસે કોઈ માણસોએ આવીને દરવાજો તોડી નાંખીને અંદર આવેલા અને તેઓના હાથમા દંડા,લાકડી, કોશ જેવા હથીયારો હતા અને તેઓ પંદરેક જેટલા માણસો હતા. તેઓ જાગી જતા આ માણસોએ તેમને, તેમની સાસુને, છોકરાને માર મારવા લાગેલા અને ઘરમા ઘુસી જઈ તીજોરી તથા કબાટોની તોડફોડ કરતા જેથી બુમાબુમ કરતા કોઈ આવેલુ નહી. આ ચોર લુંટારુઓ કહેતા હતા '' ગાંગરતા નહી (બોલતા નહી) નહી તો મારી નાંખીશુ'' ત્યારપછી તેમના ઘરની તીજોરીમાંથી, કબાટોમાંથી તોડીને સોના ચાંદીની દાગીના જેમા સોનાની વીટી, ચાંદીની હાંસડી, ચાંદીના બે છડા અને નોકીયા કંપનીનો મોબાઈલ લઈ ગયેલા જે અંદાજે કુલ કીમત રૂા.૩૨,૦૦૦/– થાય છે તે લઈ ગયેલા તેવુ કથન કરેલ છે. વધુમાં જણાવે છે કે, ચોર લુંટારુઓએ માર મારતા તેમની સાસુને માથાના ભાગે ઈજા થયેલી જેથી તેમના પતિને વડોદરા જાણ કરેલી અને તેઓ વડોદરાથી આવી તેમની સાસુને દવાખાને લઈ ગયેલા. આ ચોર લુંટારુઓ કોણ હતા તેમને ઓળખેલા નહી. તેઓને ડાબા હાથે તથા જમણી આંખ ઉપર તથા શરીરે માર મારેલો અને છોકરા રાજુને માર મારેલો. જેથી તેઓએ આંક–૮ થી રજુ ફરીયાદ આપેલી જેમા તેમના જમણા હાથના અંગુઠાનુ નિશાન ઓળખી બતાવે છે.

બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમા ફરીયાદી સાહેદે જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ, તેમનો દિકરો અને સાસુ જમી પરવારી લાઈટો બંધ કરી સુઈ ગયેલા અને બનાવ રાત્રે દોઢથી ત્રણના સમય દરમ્યાન બનેલાનુ કથન કરેલ છે. વધુમાં જણાવે છે કે, ફરીયાદમાં આરોપીઓનુ કોઈ કદ, કાઠી કે વર્ણન લખાવેલ નથી અને તેમને મોરવા ખાતે ઓળખ પરેડ કરવા માટે લઈ ગયેલા હતા અને ઓળખ પરેડ કરવા માટે સને ૨૦૧૩ ના વર્ષમા લઈ ગયેલા હતા તેવુ કથન કરેલ છે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ જણાવે છે તેવો કોઈ બનાવ બનેલો ના હોવા છતાં ફરીયાદના સમર્થનમા ખોટી જુબાની આપે છે.

**૧૪.** ત્યારબાદ બનાવ નજરે જોનાર સાહેદ અને ફરીયાદીના દીકરા **સાહેદ નં.૪ તરીકે રાજેશભાઈ બાબુભાઈ વણઝારાને આંક–૧૩ થી** સોગંદપર તપાસેલા છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, ફરીયાદી પ્રેમીલાબેન તેમની માતા થાય છે અને બાબુભાઈ પિતા થાય છે. બનાવ દસ વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે તેઓ, તેમની માતા, દાદી જુમાબેન ઘરે હતા અને રાત્રે સાડા અગ્યારનાં અરસામાં ચોર લુંટારુઓ આશરે ૧૫ થી ૨૦ જેટલા આવેલા અને તેઓ ઘરમા ઘુસી આવેલા તેવુ કથન કરેલ છે. તેઓનાં હાથમા લાકડી જેવુ હતુ અને ઘરમા આવીને તે લોકોએ તેમને કાનનાં પાછળનાં ભાગે લાકડી મારેલી. તથા દાદી જુમાબેન, માતા પ્રેમીલાબેનને લાકડીથી માર મારેલો અને દાદીના હાથ તોડી નાંખેલા અને માથાનાં ભાગે મારેલુ તેવુ કથન કરેલ છે. ચોર લોકોએ ઘરમાં રહેલી તીજોરી, કબાટ તોડી સોના ચાંદીના અને રોકડ રકમ લઈ ગયેલા. ચોર લુંટારુઓ કોણ હતા અને કયાંનાં હતા તેની તેમને ખબર નથી અને પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો.

બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમા સાહેદે જણાવેલ છે કે, બનાવ રાતના અંધારાના સમયે બનેલો અને તે વખતે તેઓ ઘરની અંદર સુઈ રહેલો હતો. ઘરની આજુ બાજુ બીજા અનેક રહેણાંકના મકાનો આવેલા છે અને બુમાબુમ કરતા ગામના લોકો દોડી આવેલા. બનાવ અંગે તેમને કોઈ ઉપર શક કે વહેમ નથી તેવુ કથન કરેલ છે.

આ કામે ફરીયાદી પ્રેમીલાબેન બાબુભાઈ વણઝારા તથા નજરે જોનાર સાહેદ ફરીયાદીનો પુત્ર રાજેશભાઈ બાબુભાઈ વણઝારાનો સમગ્ર પુરાવો જોતાં કહેવાતો લૂંટનો બનાવ કંઈ તારીખે, કેટલા વાગે બનેલો તે વિશેનો તેમજ બનાવના દિવસ રાત્રીનો સમયે કહેવાતો લૂંટનો બનાવ બનેલો તેમાં હાલના આરોપી સામેલ હોવાનો કોઈ પુરાવો આપેલ નથી તેમજ હાલના આરોપી પાસેથી લૂંટનો કોઈ મુદ્દામાલ રીકવર ડીસ્કવર થયેલ નથી. હાલના આરોપી લૂંટના ગુનામાં તે સમયે લુંટારૂઓ સાથે સામેલ હતા તેવુ ફરીયાદી કે નજરે જોનાર સાહેદ જણાવતા નથી. આ કામે પોલીસે ફરીયાદી કે સાહેદોની રૂબરૂ હાલના આરોપીની ઓળખ પરેડ મામલતદાર સમક્ષ કરાવેલ હોય તેવુ કોઈ ઓળખપરેડનું પંચનામું

કે તેવો કોઈ ઓળખનો પુરાવો રજુ થયેલ નથી. તેઓ નામદાર કોર્ટમાં હાજર છે તે આરોપી તેમને ત્યાં લૂંટ કરવામાં હતો કે નહી તે ઓળખી શકે નહી. તેમને લુંટમાં ગયેલો મોબાઈલ તથા મુદ્દામાલ સોના ચાંદીના દાગીના પરત મળેલ નથી. આરોપી તરફેની ઉલટતપાસ જોઈએ તો, ફરીયાદીએ સરતપાસમાં જણાવ્યા મુજબની હકીકતો ઉલટતપાસમાં કબુલ રાખેલ નથી. ફરીયાદી તેમજ નજરે જોનાર સાહેદ સોગંદપરના પુરાવામાં તેમજ ફરીયાદીની ફરીયાદમાં કોઈ લુટારુના નામ, વર્ણન, કદ, કાઠી કે ચહેરા નિશાન વિગેરે લખાવેલ નથી. આમ, ફરીયાદી તથા નજરે જોનાર સાહેદે તેમના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. ફરીયાદી તથા નજરે જોનાર સાહેદનો સમગ્ર પુરાવો જોતાં કહેવાતો લૂંટનો બનાવ બનેલ હોવાનું ફલિત થાય છે પરંતુ આ લૂંટના બનાવમાં હાલના આરોપી સામેલ હોવાનો કોઈ પુરાવો મળી આવતો નથી. ફરીયાદીએ તથા નજરે જોનાર સાહેદે સરતપાસમાં બનાવના દિવસે અને સમયે તેમના ઘરમાં રાત્રીના સમયે પંદરેક જેટલા અજાણ્યા લૂંટારુઓએ આવી તેમને તથા તેમના ઘરના સભ્યોને ડરાવી, ધમકાવી, ઈજા કરી ઘરમાંથી મોબાઈલ અને સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૩૨,૦૦૦/–ની મત્તાની લૂંટ કરેલી તે હકીકતને સમર્થન મળે છે પરંતુ આ લૂંટના બનાવમાં હાલના આરોપી સામેલ હોવાનો લેશમાત્ર પુરાવો આપેલ નથી તેમજ પોલીસે હાલના આરોપીને અટક કર્યા બાદ હાલના આરોપીની તેમની હાજરીમાં કોઈ ઓળખપરેડની કાર્યવાહી કરેલ નથી તેવુ જણાવે છે. આમ, ફરીયાદી તથા નજરે જોનાર સાહેદના સોગંદપરના પુરાવાથી હાલના આરોપીની આ ગુનામાં સંડોવણી હોવાનું કોઈ રીતે પુરવાર થતુ નથી.

**૧૫.** ત્યારબાદ ફરીયાદપક્ષે **પંચ સાહેદ નં.૨ તરીકે ભુપતભાઈ વજેસિંહ વણઝારા આંક–૯ થી અને આંક–૧૨ થી સાહેદ નં.૩ તરીકે મુકેશભાઈ દાસુભાઈ વણઝારા** નાઓને સોગંદ ઉપર તપાસેલા છે. આ બંને પંચ સાહેદો આંક–૧૦ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચો તથા આંક–૧૧ થી રજુ મુદ્દામાલ મોબાઈલ જે જગ્યાએ પડેલ તે જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. તે બંને સાહેદો પોલીસે ફરીયાદીના ઘરે લુંટનો બનાવ બનેલ

અને મુદ્દામાલ મોબાઈલ જે જગ્યાએ પડેલ તે જગ્યાના પંચનામા બાબતે બોલાવેલ હોવાનુ તેમજ તે ઘર પ્રેમીલાબેન બાબુભાઈનુ ઘર ખાબડા ગામે આવેલ કાચી માટીનુ બનાવેલ હતુ તેની અંદરની તીજોરી તથા કબાટ તુટેલા અને સરસામાન વેરવિખેર થઈને પડેલ હતો અને પ્રેમીલાબેને રાત્રે ચોરી થઈ ત્યારે ચોર લુંટારુએ તોડેલ છે તેવુ કહેલ હતુ તે અંગેનુ લખાણ કરી પંચકયાસમા સહી લીધેલ હોવાનુ કથન કરેલ છે તેમજ પોલીસે તેમને બીજી કોઈ જગ્યાએ બોલાવેલ હોય અને તે જગ્યાએ મુદ્દામાલ મોબાઈલ પડેલ હોય તેવુ બનેલ નહી હોવાનુ કથન કરેલ છે. ત્યારબાદ તે પંચનામુ ગુનાવાળી જગ્યાનુ અને મુદ્દામાલ મોબાઈલ જે જગ્યાએ પડેલ તે જગ્યાના પંચનામામાં પોત પોતાની સહી ઓળખી બતાવતા અનુક્રમે આંક–૧૦, ૧૧ થી આ કામમા રજુ થયેલ છે.

આ બંને સાહેદો ફરીયાદપક્ષના કેસને વધુ સમર્થન કરતા ન હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી પરવાનગી મળતા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્ના પુછેલ છે પરંતુ તેઓએ ફરીયાદપક્ષના કેસને વધુ સમર્થન પ્રાપ્ત થાય તેવી હકીકત જણાવેલ નથી.

**૧૬.** ત્યારબાદ આ કામમા **આંક–૧૬ થી સાહેદ નં.પ તરીકે તપાસ કરનાર અધિકારી શ્રી મહોબતસિંહ કાળુભાઈ માલવીયા** નાઓને તપાસેલ છે. તેઓ તા.૨૧/૬/ ૨૦૨૩ ના રોજ મોરવા(હ) પો.સ્ટે.માં પી.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે મોરવા(હ) પો.સ્ટે.ના ફ.ગુ.ર.નં.૬૯/૨૦૨૩, ઈ.પી.કો.ની કલમ–૩૯૭ મુજબના ગુનાના આરોપી એલ.સી. બી. ગોધરાએ પકડેલ હતો તેની જાણ તેઓને કરતા આરોપી કબજો મેળવી તેનુ નિવેદન લીધેલ તથા ગુનાના કામે રેકર્ડનો અભ્યાસ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય તેઓના બાદના પી.એસ. આઈ.શ્રી. આર.એસ.દેવરે નાઓને આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરેલાનુ કથન કરેલ છે. આ કામે બનાવની તપાસ સમયે એફ.એસ.એલ.નો પ્રાથમીક અહેવાલ સાયન્ટીક ઓફીસર સી.એન. પારગીએ તૈયાર કરેલો તેની નકલ આંક–૧૭ થી રજુ કરેલાનુ જણાવે છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ લીધેલ છે.જેમા તેઓએ આરોપીને અટક કર્યા સિવાય તથા તેનુ નિવેદન લીધા સિવાય આ કામે બીજી કોઈ કામગીરી કરેલ ન હોવાનુ કથન કરેલ છે. આમ, તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોવામાં આવે તો તે માત્ર ફોર્મલ પ્રકારનો છે તેઓએ બનાવની ચોકકસ હકીકતોનુ વર્ણન કરેલ નથી.

વધુમાં આ ગુનો સને ૨૦૧૩ વર્ષનો છે અને તે ગુના સંદર્ભે જે તે વખતે જે સહ આરોપીઓ પકડાયેલા હતા અને તેઓની સામેની ટ્રાયલ ચાલી ગયેલ છે અને તેમા મારા પુરોગામીશ્રીએ તે ટ્રાયલના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકેલા છે અને તે ટ્રાયલમા હાલના આરોપી સહઆરોપી તરીકે નાસતા ફરતા દર્શાવેલા હતા અને ત્યારબાદ હાલના આરોપી પાછળથી પકડાઈ ગયેલા છે અને તે સંદર્ભે જે ભોગબનનાર સાક્ષી અને સાહેદોનો પુરાવો જોતા તે આરોપીઓને ઓળખી બતાવતા નથી. બનાવ વખતે આ આરોપીઓ હાજર હતા અને તેઓએ ઈજા કરેલ હોય તેવો કોઈ સીધો પુરાવો નથી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ હાલના આરોપીને અટક કરેલ છે અને આ ગુના સંદર્ભે તેને સાંકળતો કોઈ સાંયોગીક પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી.

ઉપરોકત વિગતે ફરીયાદપક્ષના પુરાવાની હકીકત અને તેનુ મૂલયાંકન નોંધ્યા બાદ તેનુ સારાંશ જોવામાં આવે તો નીચે મુજબની હકીકત ઉપર ફલીત થાય છે.

આ કામમાં ગુનાવાળી જગ્યાના પંચનામા કે મુદ્દામાલ મોબાઈલ જે જગ્યાએ પડેલો તે જગ્યાના પંચનામા અંગેના એક પણ સાહેદે પંચનામાની હકીકત પુરવાર થાય તેવો પુરાવો આપેલ નથી. તપાસ કરનાર અધિકારીએ પણ આ પંચનામાની હકીકત પુરવાર થાય તેવો પુરાવો આપેલ નથી. જેથી આંક-૧૦ નુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ અને આંક-૧૧ નુ મુદ્દામાલ મોબાઈલ મળેલ તે જગ્યાના પંચનામાના કથનો પુરવાર થતાં નથી.

**૧૭.** હવે આ કામમાં ફરી કાયદાકીય મુદ્દા આધારે ચર્ચા કરવામાં આવે તો આરોપી સામે જે મુદ્દા નં.૧ માં ઈ.પી.કો.ના ગુનાઓની જુદી જુદી જોગવાઈઓના આક્ષેપ છે તે ગુના સંદર્ભેના આવશ્યક તત્વો અત્રે નોંધવા જરૂરી છે જે નીચે મુજબ છે.

◆ **ઈ.પી.કો.ની કલમ–૩૯૫ ના તત્વો :–**

ઈ.પી.કો.ની કલમ–૩૯૫ ના ગુના સંદર્ભે જે આવશયક તત્વો છે તે જોવામાં આવે તો ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવાની થાય છે કે,

– આરોપીએ લૂંટ કરી અથવા લૂંટ કરવાની કોશીષ કરી અથવા લૂંટ કરવા સમયે તેની અપરાધિક હાજરી હતી અથવા લૂંટ કરવામાં સહાય કરી અથવા લૂંટ કરવામાં સહાય કરવાની કોશીષ કરી,

– આવો ગુન્હો કરવા સમયે આરોપીઓની સંખ્યા કુલ મળીને પાંચ અથવા તેથી વધારે હતી,

◆ **ઈ.પી.કો.ની કલમ–૩૯૭ ના તત્વો :–**

આ સંદર્ભે ઈ.પી.કો.ની કલમ–૩૯૭ ના ગુના સંદર્ભે જે આવશયક તત્વો છે તે જોવામાં આવે તો ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવાની થાય છે કે,

– આરોપીઓએ લૂંટ અથવા ધાડ પાડી,

– લૂંટ અથવા ધાડ પાડવા સમયે આરોપીએ અથવા આરોપીઓએ કે તે પૈકી કોઈએ પ્રાણઘાતક હથીયારનો ઉપયોગ કર્યો અથવા કોઈ વ્યકિતને મહાવ્યથા પહોંચાડી અથવા મૃત્યુ અથવા મહાવ્યથા પહોંચડવાની કોશીષ કરી.

આ કામમા ફરીયાદી તેમજ નજરે જોનાર સાહેદે અજાણ્યા આરોપી ધ્વારા વ્યથા થયેલ હોવાનુ જણાવવામા આવેલ છે પરંતુ તે વ્યથા હાલના આરોપી ધ્વારા કરવામા આવેલ હોય તેવો સાંકળી શકે તેવો પુરાવો આવેલ નથી કે તે બાબતે કોઈ મેડીકલ સારવાર સાહેદે લીધેલ હોય તેવો દસ્તાવજી પુરાવો પણ રજુ થયેલ નથી. તેથી આરોપી સામે ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૩૯૭ મુજબના ગુનાનો આક્ષેપ પુરવાર કરવા માટે ઉપરોકત તત્વો કોઈ પણ રીતે પુરવાર કરેલ નથી.

૧૮. હાલના કામે ફરીયાદી સાહેદની જુબાનીથી કહેવાતો લૂંટનો બનાવ બનેલ હોવાનું ફલિત થાય છે પરંતુ તે બનાવમાં હાલના આરોપી સામેલ હોવાનું ફરીયાદી તેમના પુરાવામાં જણાવતા નથી કે ઓળખી બતાવતા નથી. આ કામે ઓળખપરેડ પંચનામું રજુ

થયેલ નથી. આ કામે હાલના આરોપી વિરુધ્ધનું કોઈ પંચનામું રજૂ કરવામાં આવેલ નથી. આ કામે કહેવાતો લૂંટનો બનાવ બનેલ છે પરંતુ તે બનાવમાં હાલના આરોપી સામેલ હોવાનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી.

આ કામે રજૂ થયેલ સમગ્ર પુરાવો જોતાં તેમજ બંને પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધી. આ કામે બનાવના દિવસે કહેવાતો લૂંટનો બનાવ બનેલો હોવાનું ફલિત થાય છે પરંતુ આ લૂંટના બનાવમાં હાલના આરોપી સામેલ હોવાનો લેશમાત્ર પુરાવો મળી આવતો નથી.હાલના આરોપી પાસેથી લૂંટનો કોઈ મુદ્દામાલ રીકવર થયેલ નથી. આ કામે હાલના આરોપીનું  ફરીયાદી કે સાહેદ રૂબરૂ ઓળખપરેડ પંચનામું થયેલ નથી કે હાલના આરોપીની મામલતદાર મારફતે ઓળખપરેડ કરવામાં આવેલ હોવાનો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજૂ કરેલ નથી. બનાવ સમયે અંધારું હોવાથી અને ચોર લૂંટારૂઓ મોંઢે બુકાની બાંધીને આવેલ હોય ફરિયાદી સહિત કોઈ સાહેદોએ લૂંટના બનાવમાં હાલના આરોપી સામેલ હોવાનું ઓળખી બતાવેલ નથી. હાલના આરોપી આ લૂંટના બનાવમાં સામેલ હોવાનો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય હાલના આરોપીએ આ લૂંટના બનાવમાં કોઈ ચીજવસ્તુની લૂંટ કરેલ હોય કે  તેઓ પાસેથી કોઈ લૂંટનો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હોય કે કોઈ સાહેદે હાલના આરોપીને એકઝી. મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખી બતાવેલ હોય તેવો કોઈ પુરાવો રજૂ થયેલ નથી તેવા સંજોગોમાં આરોપીને ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં આ કામે ફરિયાદી તથા અન્ય સાહેદે ફરીયાદ પક્ષના કેસને  સમર્થન કરેલ ન હોય તેમજ હાલના આરોપીની ગુનામાં સંડોવણી હોવા બાબતનો કોઈ પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ ન હોય તે સંજોગોમાં ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા મુજબ ફરીયાદપક્ષ મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરી શકેલ ન હોય તેના જવાબ '**નકારમાં**' આપવામા આવે છે અને મુદ્દા નં.૨ સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હિતમા કરવામાં આવે છે.

## – : આખરી હુકમ : –

**૧.** આ કામના આરોપી પારુ ઉર્ફે પારસિંગ દલાભાઈ પલાસ રહે. ખજુરીયા, તા.ગરબાડા,જી.દાહોદ નાઓને ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ– –૩૯૫, ૩૯૭ મુજબના ગુન્હા સંદર્ભે ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૩૫ ની જોગવાઈ વંચાણે લેતા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીના ટ્રાયલ માટે જો કોઈ જામીન ખત રજુ કરેલ હોય તો તે જામીન ખત રદ કરવામાં આવે છે.

**૩.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ જે તે અદાલત સમક્ષ હુકમની સામે અપીલના કામે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના સઘ્ધર જામીન રજુ કરવા.

**૪.** આ કામનું ચાર્જશીટ જોતાં કોઈ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ ન હોય, મુદ્દામાલ અંગેનો કોઈ હુકમ નથી.

**૫.** સદરહુ આરોપી હાલ જેલમા હોય તેઓની ''જો અન્ય કોઈ ગુનાના કામે જરૂરત ન હોય'' તો તેઓને આ કામે સત્વરે મુકત કરવા સંબંધીત જેલરશ્રીને યાદી કરવી.

**૬.** ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૫ મુજબ આ ચુકાદાની એક નકલ જિલ્લા મેજી.શ્રી, પંચમહાલ, ગોધરાને ઈ–મેઈલથી અથવા યાદીથી મોકલી આપવી.

હુકમ આજ તા.૦૮/૦૧/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૧/૨૦૨૪
ગોધરા.

**(પરવેઝએહમદ અલીમોહંમદ માલવીયા)**
ચોથા એડીશનલ સેશન્સ જજ
પંચમહાલ,ગોધરા.
**કોડ નં.જીજે.૦૦૮૩૭ .**

*Chimaji.